# મોડાસા રેલવે સ્ટેશન વર્ષોથી શોભાના ગાંઠીયા સમાન

## મુસાફરો પાણી, લાઈટ, પ્લેટફોર્મ, રોડ, બાથરૂમ જેવી સુવિધાથી વર્ષોથી વંચિત રહ્યા છે : રેલવે તંત્ર બેફીકર





મોડાસા, તા. ૨૭

આપે કોઈ ગામ અથવા તો કોઈ શહેર એવું જોયું છે કે જ્યાં ૧૯૭૭થી રેલવે મંજુર થયા બાદ આજદિન સુધી રેલવે સુવિધાઓથી વંચિત હોય ના તો ચાલો આજે એવું શહેર આપને બતાવીએ કે આજદિન સુધી રેલવે સુવિધાઓથી વંચિત અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર. જ્યાં રેલવે તો આવી પણ પ્લેટફોર્મ ના મળ્યું. સંડાસ મળ્યા પણ બગાડેલા બંધ હાલતમાં રેલવે ખાતા દ્વારા રોડ લાઈટ શોભાના ગાંઠીયા સમાન બની છે.



સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો એક હતો ત્યારથી ૧૯૫૬માં મોડાસાના અગ્રણીઓએ એક રેલવે કમિટી બનાવી અને રેલવેની માંગ કરી પરંતુ નગરવાસીઓ કમનસીબે રેલવે મજૂંર ન થતા ૧૯૭૭માં જનતા પક્ષની સરકારે મોડાસા રલવેને મંજુરી આપી પણ આ શહેરની નબળી નેતાગીરીના કારણે રેલવેનું કામ ગોકળગાયની માફક ચાલ્યુ ત્યાર પછી ૨૦૦૨માં એન.ડી.એ.ની સરકારમાં રેલવેની માંગ પ્રદેશવાસીઓની સંતોષાઈને અડવાણીજી અને નીતીશકુમારના વરદહસ્તે મોડાસા બ્રોડગેજ રેલવેને લીલી ઝંડી બતાવામાં આવી ને અડવાણીજી દ્વારા એવું સૂચન કરવામાં આવેલ કે આ રેલવે લાઈનને મોડાસાથી શામળાજી સાથે જોડી દેવામાં આવશે જેથી કરીને દિલ્હીથી મુંબી વચ્ચેનું અંતર ઘણું ઓછુ થઈ જાય પણ ત્યારથી લઈ આજદિન સુધી જે તે અવસ્થામાં રલવે છે તેમાં કાઈ સુધાર આવ્યો નથી. પણ રેલવે કમિટી વારે-વારે રેલવે સુવિધાઓ માટે બરોડા રેલવે ડી.આર.એમ.ની મુલાકાત માંગતા છતાં ડી.આર.એમ. મોડાસા કમિટીને મુલાકાત આપવા તૈયાર નથી. હમણા થોડા દિવસ પહેલા બરોડા ડી.આર.એમ. તા. ૨૪-૧૦-૨૦૧૫ના રોજ મોડાસાની મુલાકાતે આવવાના હતા અને તેઓ અરવલ્લીના બાયડ સુધી આવી પરત ફરી ગયા તો મોડાસા વાસીઓના મનમાં એક પ્રશ્ન સતાવી રહ્યો છે કે મોડાસાના રેલવે લાઈનમાં ગુજરાત સરકાર કે કેન્દ્ર સરકારને કોઈ રસ નથી કે શું ? કે પછી અરવલ્લી સાબરકાંઠાનું રાજકારણ પાંગળુ બની ગુયું છે.



## પહાડીયા ગામે લકઝરી બસ પાછળ રીક્ષા ધડાકાભેર અથડાતા ૧નું મોત : ૭ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર સોમવારે સાંજના સુમારે રતનપુરથી શામળાજી તરફથી આવી રહેલી એક રીક્ષા લકઝરી બસ પાછળ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બસની પાછળ રીક્ષા ધુસી જતાં રીક્ષામાં બેઠેલા એક આધેડનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યાં અન્ય સાત જણાને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે શામળાજી સરકારી દવાખાને ખસેડી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.




શામળાજી-રતનપુર હાઈવે નજીક સોમવારે સાંજના સુમારે લકઝરી બસ પાછળ રીક્ષા ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. રતનપુર તરફથી રિક્ષા નં. જીજે.એવી. ૪૦૭૦ શામળાજી તરફ પહાડીયા પાસે આગળ જતી ટ્રાવેલ્સ બસ નં. કેએ૦૧એસી.૩૩૨૬ના ચાલકે ગાડી પુરઝડપે ચલાવી અચાનક રોડ સાઈડમાં લઈ બ્રેક મારતા રીક્ષા બસની પાછળ ટકરાતા અકસ્માત સર્જાયો હતો.

રીક્ષામાં બેઠેલા કાનાભાઈ સોમાભાઈ ગોધા (રહે. કુડોલનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે રીક્ષામાં બેઠેલા અન્ય સાત મુસાફરોને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતા સારવાર અર્થે શામળાજી રેફરલ હોસ્પિટલમાં મોકલી અપાયા હતા. પ્રાથમિક સારવાર શામળાજી આપ્યા બાદ વધુ સારવાર અર્થે ત્રણ વ્યક્તિઓને હિંમતનગર દવાખાને ખસેડાયા હતા. લકઝરી બસનો ચાલક અક્સમાત સર્જી બસ મુકીને નાસી છુટતા શામળાજી પોલીસ દ્વારા લકઝરી બસ ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



### ખેડબ્રહ્માના અંબાજી મંદિરે શરદપૂનમે શ્રધ્ધાળુ ઉમટ્યા

ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિરમાં શરદ પૂનમે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## મોડાસામાં જન્મજાત ખોડ ખાંપણ ધરાવતા બાળકોની સારવાર માટે કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૨૭

મોડાસા પ્રા.આ. કેન્દ્ર ખાતે જન્મજાત ખોડખાંપણવાળા ૦ થી ૫ વર્ષના બાળકો જેમાં કપાયેલા હોઠ અને કપાયેલા તાળવા તેમજ જન્મજાત બાળકોને લગતા ઓપરેશન માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. નિશ્ચલ નાયક (પ્લાસ્ટિક સર્જન) ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ૫૦ જેટલા બાળકો તપાસ્યા હતા. જેમાં ૧૫ બાળકો કપાયેલા હોઠ અને તાળવાના નીકળ્યા હતા.

જેમનું વિનામુલ્યે જયદીપ હોસ્પિટલ અમદાવાદ ખાતે ઓપરેશન કરી સંપૂર્ણ સારવાર આપવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. આ કેમ્પમાં આયોજનરૂપે પ્રા.આ. કેન્દ્ર મોડાસાના મેડીકલ ઓફીસર, આયુષ મેડીકલ ઓફીસર તેમજ આરબીએસકેના તમામ ડૉક્ટરોએ સફળ ભાગ ભજવી કેમ્પનું આયોજન સફળ બનાવ્યું હતું.



### ભિલડીના ગોગા મંદિરે હવન યોજાયો

ભિલડી સ્થિત ગોગા બાપાજી મંદિરે શરદપૂનમે પોલીસે પરિવાર દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભિલડી પી.એસ.આઈ. શુકલે હવનમાં આહુતિઓ આપી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિકોએ ઉપસ્થિત રહી ધાર્મિક યજ્ઞ અને પ્રસાદનો લાભ લીધો હતો.

## ઘડકણના નવ પાટીદારોની ૬૪ દિવસ બાદ અટકાયત

પ્રાંતિજ, તા. ૨૭

મજરા-તલોદ રોડ પર ઘડકણ પાસે પાટીદાર સમાજના યુવાનો દ્વારા ૨૫મીના રોજ અમદાવાદ ખાતે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે મહારેલી બાદ પાટીદાર આંદોલનના આગેવાન હાર્દિક પટેલની ધરપકડ થઈ હતી. બાદમાં અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં રાત્રીના સમયે તોફાનો ફાટી નીકળ્યા હતા. ત્યારે ઘડકણના પાટીદારો દ્વારા મજરા-તલોદ રોડ ઉપરથી પસાર થતી એક ટ્રક રોકી ટ્રકમાં ભરેલ કપચી રોડ ઉપર ખાલી કરાવી હતી અને રસ્તો રોકવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પ્રાંતિજ પોલીસને સમાચાર મળતા ઘટનાસ્થળે પહોંચતા પોલીસ ઉપર પણ પથ્થરમારો કર્યો હતો ને ગાડીના કાચ તોડી નાંખતા પોલીસે ટોળાંને વિખુટા પાડવા ટીયરગેસ છોડવાની ફરજ પડી હતી અને તે સમયે ૧૦૦થી થી ૧૫૦ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. જે ગુના હેઠળ પ્રાંતિજ પોલીસે ૨૬-૧૦-૨૦૧૫ને સોમવારના સાંજના નવ પાટીદાર યુવકોની અટકાયત કરી છે. જેમાં વિજયભાઈ પટેલ, જયપાલ ગાંડાભાઈ પટેલ, કુંદન શૈલેષભાઈ પટેલ, રાજેશ રણછોડભાઈ પટેલ, ભાવિક અરવિંદભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, જયકિશન ગાંડાભાઈ પટેલ, રીયલ દશરથભાઈ પટેલ, હર્ષદ પટેલ આ તમામે તમામ રહે. ઘડકણનો સમાવેશ થાય છે.

## મોડાસા માર્કેટ યાર્ડમાં તુવેર દાળના વેપારીઓને ત્યાં દરોડા

### સરકાર પણ તુવેરદાળના ભાવો અંકુશમાં લેવા તત્પર

મોડાસા, તા. ૨૭

છેલ્લા કેટલાય સમયથી તુવેર દાળમાં થયેલા અસહ્ય ભાવ વધારાથી આમજનતા હેરાન પરેશાન થઈ ગઈ છે. ત્યારે સરકાર પણ તુવેરદાળના ભાવો અંકુશમાં લેવા તત્પર બની છે. જેના ભાગરૂપે અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગે જુદી જુદી ટીમો બનાવી મોડાસા માર્કેટયાર્ડમાં તુવેરદાળનો જથ્થો રાખતા પાંચ વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા. દરોડા દરમ્યાન તુવેરદાળનો સ્ટોક ભાવો અંગે ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ત્યારે મોડી સાંજ સુધીમાં તુવેરદાળનો અનઅધિકૃત રીતે સંગ્રાહેલો મોટો જથ્થો બહાર આવે એમ છે. સાથે સાથે ૧૩૫ રૂપિયે કિલોથી પણ વધુ ભાવ લઈ વેચાણ કરતા હશે તો તેના માટે પણ પગલા લેવામાં આવનાર હોવાનું પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું. મોડાસા યાર્ડમાં પડેલા આ દરોડાથી દાળનો સ્ટોક કરતા છુટક વેપારીઓમાં પણ ગભરાટ ફેલાયો છે.



### ખેડબ્રહ્મા કોલેજમાં આર્ચરી સ્પર્ધા યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૭

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના પ્રાંગણમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કક્ષાની ભાઈઓ તથા બહેનોની આંતર કોલેજ આર્ચરી સ્પર્ધા યોજાઈ હતી.

આ સ્પર્ધામાં કોલેજના આચાર્ય એન.ડી. પટેલે મહેમાનો તથા ભાગ લીધેલ ટીમોને આવકારી હતી. ઉદ્ઘાટક જેઠાભાઈ પટેલ, મુખ્ય મહેમાન ડૉ. છગનભાઈ પટેલ, અતિથિવિશેષ જશુભાઈ પટેલ, શ્રી વિનોદભાઈ પટેલ, કિર્તીભાઈ જોષી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન ૧૦ કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં ભાઈઓમાં પ્રથમ કડી કોલેજ, દ્વિતીય ખેડબ્રહ્મા કોલેજ તૃતીય સતલાસણ કોલેજ તથા બહેનોમાં પ્રથમ ખેડબ્રહ્મા કોલેજ, દ્વિતીય કડી કોલેજ, તૃતીય અંબાજી કોલેજ રહી હતી. ખેડબ્રહ્મા કોલેજની બહેનોની ટીમ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા. જે.પી. દેવડાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. રોહિત દેસાઈએ કર્યુ હતું.

## દેવીપુરા ગામે હડકાયા કુતરાએ બચકુ ભરતા બાળકનું મોત

### દિન-પ્રતિદિન કુતરા કરડવાના બનાવોથી લોકોમાં ફફડાટ

મોડાસા, તા. ૨૭

શિયાળાની શરૂઆત થતાંની સાથે જ હડકાયા કુતરા કરડવાના બનાવો દિન પ્રતિદિન વધવા લાગ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ નજીક આવેલા દેવીપુરા ગામે હડકાયા કુતરાએ બાળક પર હુમલો કરતા બાળકનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું.



બનાવની પ્રાપ્ત વિગતોનુસાર દેવીપુરા ગામના કટારા વિનોદભાઈ રામાભાઈના ધોરણ-૫માં અભ્યાસ કરતો પુત્ર પ્રદિપ સવારે ઘરેથી શાળામાં જવા નીકળ્યો હતો. ત્યારે રસ્તામાં અચાનક એક હડકાયા કુતરાએ બાળક પર જીવલેણ હુમલો કરી ગળા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બાળકને કુતરાની ચુંગાલમાં જોઈ આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને મહામુસીબતે બાળકને છોડાવ્યું હતું. ત્યાં સુધીમાં હડકાયા કુતરાએ બાળકને ગંભીર રીતે ઈજાઓ પહોંચાડી હતી.

ઈજાગ્રસ્ત બાળકને સારવાર અર્થે મેઢાસણ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયો હતો. ત્યાં બાળકને તબીબો દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યો હતો. એકના એક પુત્રના મોતથી પરીવાર પર આભ તુટી પડ્યું હતું અને પંથકમાં ઘેરા શોક ફેલાઈ ગયો હતો.

## મહેસાણા મધ્યસ્થ સહકારી બેંકની ચૂંટણીમાં ચૂંટણી અધિકારીએ ચાર ફોર્મ રદ કરતા હોબાળો

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના ડીરેક્ટરોની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરનાર બેંકના પૂર્વ ચેરમેન નટવરલાલ પી. પટેલ અને તેમના ત્રણ સમર્થકો સહિત ચાર ઉમેદવારોના ફોર્મ ચકાસણી દરમ્યાન ચૂંટણી અધિકારીએ રદ કરી દેતાં મામલો ગરમાયો છે.

મહેસાણા જિલ્લો રાજકીય લેબોરેટરી ગણાય છે. ત્યારે મહેસાણા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપ. બેંક લી.ના ડીરેક્ટરોની ચૂંટણી પ્રક્રિયા શરૂ થતાં ભાજપ અને કોંગ્રેસના આગેવાનોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. કુલ ૧૨ બેઠકો માટે ૪૪ ઉમેદવારી પત્રકો ભરાયા હતા. જેમાં બેંકના પૂર્વ ચેરમેન અને સહકારી અગ્રણી નટવરલાલ પી. પટેલ, વિઠ્ઠલભાઈ એમ. પટેલ, કાન્તિભાઈ એમ. પટેલ અને કાન્તિભાઈ વી. પટેલ મળી કુલ ચાર વ્યક્તિઓના ફોર્મ ચકાસણી દરમ્યાન ચૂંટણી અધિકારીએ રદ કરી દીધા છે. આમ બેંકના પૂર્વ ચેરમેન અને તેમની પેનલના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતાં સહકારી આલમમાં સોપો પડી ગયો છે અને મામલો ભારે ગરમાયો છે. આ મામલે નામદાર વડી અદાલતનો આશરો લેવાશે તેવું ચર્ચાય છે.

## મોડાસામાં વાદળછાયા વાતાવરણથી ખેડૂતોમાં ચિંતા

મોડાસા, તા. ૨૭

ઉત્તર ભારતમાં સર્જાયેલા ડિસ્ટર્બન્સના લીધે હવામાન ખાતા દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે જેને લઈ ખેડૂતોમાં ચિંતાનું મોજુ પ્રસરી ગયું છે. ખેડૂતો હાલ મગફળીને જમીનમાંથી ખોડવાનું અને કપાસનુ વીણવાનું કામ શરૂ કર્યું છે. એવામાં જ છેલ્લા બે દિવસથી સવાર અને સાંજના સમયે આકાશમાં વાદળ દેખાતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે.

ખેડૂતોએ તનતોડ મહેનત કરી પાક તૈયાર કર્યો હતો ત્યારે પાક લેવાના સમયે જ વરસાદી વાદળો સંતાકુકડી કરી રહેલા દેખાય છે. ત્યારે જગતનો તાત પોતાના મહામુલો પાક બચાવા હવાતિયા મારી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. મગફળીનો પાક જમીનમાંથી ખોડી ખેતરોમાં પડી રહ્યો છે તેમજ મજુરોની અછતને કારણે કપાસ વીણવાનું કામ પણ અટકી પડ્યું છે. ત્યારે અચાનક જ વરસાદી વાદળોના લીધે ખેડૂત નાસીપાસ થતો નજરે ચડ્યો હતો. જ્યારે મગફળી અને કપાસ જેવા પાકોને લેવાના સમયે જો વરસાદી ઝાપટુ થશે તો જગતના તાતને મોટુ નુકસાન ભોગવવાનો વારો જરૂરથી આવશે તેવું લાગી રહ્યું છે.